શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત ૧૯૬૫. જેષ્ઠ. અંક ૧૧ મો.

## પ્રભુ સ્તુતિ.

માલિની.

કુમત [1]તિમિર હારી ધર્મ [2]તેજઃ પ્રસારી,
[3]ભવિજન નભ સારી કર્મ [4]તારા વિદારી;
જિનવર મુખ વાણી પૂર્ણ [5]સચ્ચંદ્ર કાંતિ,
વિમલ વિજયકારી આપજો ચિત્ત શાંતિ.

## ગણધર સ્તુતિ.

જેણે સાત નયે નિરૂપણ કર્યો સ્યાદ્વાદ સિદ્ધાંતને,
જે [6]વાદીંદ્ર શ્રૃગાલ કેશરિ બની ગાજ્યા ત્યજી ભ્રાંતને;
જેણે દ્વાદશ અંગ આગમ રચી ભકિત કરી [7]આર્હતી,
તે આપો જિનરાજની [8]ગણધર શ્રેણી સદા સન્મતિ. ૧

---

૧ કુમત રૂપી અંધકારને હરનારી. ૨ ધર્મના તેજનો પ્રસાર કરનારી. ૩ ભવિજન રૂપી આકાશમાં પ્રસરેલી. ૪ કર્મરૂપી તારાને નાશ કરનારી. ૫ શ્રી જિનવાણી રૂપી પૂર્ણ ચંદ્રની કાંતિ.

૬ મોટા વાદીઓ રૂપી શીયાળોમાં વિષે સિંહ સમાન. ૭ અરિહંત પ્રભુની. ૮ ગણધરોની પંક્તિ.

# આત્મસ્વરૂપ.

**अज्ञात स्व स्वरूपेण, परमात्मा न बुध्यते ।**
**आत्मैव प्राग्वि निश्चयो, विज्ञातुं पुरुषं परम् ॥ १ ॥**

જેણે પોતાના આત્માનું સ્વરૂપ જાણ્યું નથી તે પુરૂષ પરમાત્માને જાણી શકતો નથી. તે માટે પરમાત્માનું સ્વરૂપ જાણવાની ઈચ્છાવાલાએ પેહેલા પોતાના આત્માનો નિશ્ચય કરવો જોઈએ. આત્મ તત્વનું યથાર્થ સ્વરૂપ નહીં જાણનાર મનુષ્યના આત્મામાં નિશ્ચય ઠહરવાપણું હોતું નથી, અને તેથી અન્તરંગમાં શરીર અને આત્મા ભિન્ન ભિન્ન સમજવામાં મોહને વશ થઈ ભુલી જાય છે, અને ઈન્દ્રિય-મન-દર્શન-જ્ઞાન સુખ દુઃખ ક્રોધ માન માયા લોભ રાગ દ્વેષ અજ્ઞાન આદિ અનેક ભાવ જે દેખાય છે તેમાં આત્માનું શું છે, અને શો સંબંધ છે તે મોહરૂપી ભ્રમ ઉત્પન્ન થવાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ શું છે તે માલુમ પડતું નથી જેથી પેહેલો આત્માનો નિશ્ચય કરવાની આવશ્યકતા છે.

આત્મા અને દેહ જુદા છે તેવા ભેદ જ્ઞાન વિના આત્માને લાભ થતો નથી, જેથી મોક્ષાભિલાષિ મનુષ્યોએ તે પ્રથમ નિશ્ચય કરવાની જરૂર છે.

આ આત્મા દેહ ધારી જીવોમાં ત્રણ પ્રકારનો શાસ્ત્રકારોએ બતાવેલ છે. ૧ **બહિરાત્મા** ૨ **અન્તરાત્મા** અને ૩ **પરમાત્મા.** જે જીવોની શરીર સ્ત્રી પુત્ર લક્ષ્મી વિગેરે પદાર્થોમાં ભ્રમથી આત્મબુદ્ધિ હોય, અને શરીરાદિક પદાર્થો તેજ હું અર્થાત્ પર નહીં, એવી જે મોહ રૂપી નિદ્રા, તેમાં જેની ચેતના અસ્ત થઈ ગઈ છે તે બહિરાત્મા કહેવાય છે. તથા—

જે પુરૂષોનો બાહ્ય ભાવોનું ઉલંઘન કરી આત્મામાંજ આ-

આનો નિશ્ચય હોય અને વિભ્રમરૂપ અંધકારને દુર કરી આત્માને આત્મપણે જાણે તે અન્તરાત્મા કહેવાય છે. તથા—

જે નિર્લેપ છે અર્થાત્ જે પુરૂષને કર્મોનો લેપ નથી, શરીર રહિત શુદ્ધ છે. તેમજ જેને રાગાદિ વિકાર નથી જેને કાંઇ કરવાપણું નથી નિવૃત છે. અવિનાશી સુખના જે ભોક્તા છે એવા શુદ્ધાત્માને પરમાત્મા કહેવાય છે.

જે બહિરાત્મા છે તે ચૈતન્ય સ્વરૂપ આત્માને દેહની સાથે જોડે છે અર્થાત્ એક સમજે છે, ત્યારે અન્તરાત્મા (જ્ઞાની) છે તે દેહને દેહ રૂપે અને આત્માને આત્મારૂપે પૃથક્ જાણે–દેખે છે, એજ ભેદ બહિરાત્મા અને અન્તરાત્માના જ્ઞાનમાં ભેદ છે.

બહિરાત્મા જીવો ઇંદ્રિયોનીદ્વારા વ્યાપારરૂપ થયેલ શરીરને આત્મા માને છે, અને મનુષ્ય પર્યાયો સહિત મનુષ્ય, અને નારકી તીર્યંચ અને દેવ તેના પર્યાયો સહિત, તે તે રૂપ પોતાને માને છે. જે ભ્રમરૂપ છે; કારણ કે પર્યાયનું રૂપ તે આત્માનું રૂપ નથી આત્મા તો અમૂર્તિક છે.

બહિરાત્મા જીવો દુનિયાની સાચી ખોટી વાત સાંભળી ખુશી થાય છે, ત્યારે અન્તરાત્માઓ જ્ઞાન ધ્યાન કરી આનંદ પામે છે. બહિરાત્મ જીવો અનેક પ્રકારની કપટ ક્રિયાઓ કેલવી પોતાની મહત્તા બતાવે છે, ત્યારે અન્તરાત્માઓ તેવું કરી પોતાના આત્માને છેતરતા નથી. બહિરાત્મા જીવો અનેક કારણો માટે જ્યારે બીજાની નિંદા કરે છે, ત્યારે અન્તરાત્મા જીવો દરેક પ્રાણી કર્મને આધિન છે તેમ માની કોઈની નિંદા કરતા નથી. બહિરાત્મ જીવો જ્યારે પોતાની પૂજા માન કીર્તિ માટે અનેક ક્રિયાઓ કરેછે, ત્યારે અન્તરાત્મા પોતાના આત્માનાજ હિત માટે પ્રયાસ કરે છે. બહિરાત્માઓ જ્યારે પોતાને દીન–દુખી–રોગી માને છે ત્યારે અન્તરાત્મા પોતાને નિરોગી અનંત લક્ષ્મીવાલો માને છે.

આવી રીતે બહિરાત્મા સત્ય જ્ઞાનના અભાવે મિથ્યાત્વરૂપી જ્વરથી નિરંતર પીડિત હોઇને, પોતાથી તદ્દન ભિન્ન એવા સ્ત્રી, પુત્ર, પશુ, લક્ષ્મી વિગેરે ચેતન અચેતન પદાર્થોને પોતા રૂપે માની, તેના સંયોગ અને નાશ થયે પોતાનો સંયોગ અને નાશ માને છે. તેથી શરીરમાં જે આત્મ બુદ્ધિ છે તેજ ધન ભાઇ બાપ વિગેરે કલ્પના કરાવે છે અને તેને પોતાનું માની ઠગાય છે.

શરીરમાં એવો ભાવ થાય કે આ હું (દેહ) તેજ આત્મા એવો ભાવ તે સંસાર સ્થિતિનું બીજ છે. જેથી તે સંસાર સ્થીતિરૂપ બીજને નષ્ટ કરી આત્મા તેજ હું તેમ સત્યરૂપે જાણવાની મુમુક્ષુ જીવોને ખાસ આવશ્યકતા છે.

આવા બાહ્ય શરીરાદિકમાં આત્મ બુદ્ધિ છોડવાને માટે દરેક મનુષ્યે વિચારવું જોઈએ કે, જે જે પદાર્થો દેખવામાં આવે છે તે અન્ય સ્વરૂપ છે. અને મૂર્તિક પદાર્થો હોવાથી તે જડ છે અને હું (આત્મા) અમૂર્તિક છું.

દોરડીમાં જેની સર્પની બુદ્ધિ છે તેવા ભ્રમવાળા પુરૂષોની જેમજ શરીરાદિકમાં આત્મ બુદ્ધિ જાણનાર મનુષ્યનું જાણવું. જેથી તે ભ્રમ કયારે જાય છે કે જ્યારે આત્મા એવું વિચારે કે, મારો આત્મા જ્યોર્તિમય જ્ઞાન પ્રકાશ રૂપ છે. આ જગત્માં નથી કોઇ મારો શત્રુ નથી કે કોઇ મારો મિત્ર. અને અત્યાર સુધી મેં જે જે ચેષ્ટાઓ કરી તે મારૂં ખરૂં સ્વરૂપ જાણવાથી હવે તમામ મને સ્વપ્ન જેવું યાને ઇંદ્ર જાલવત્ છે તેમ જણાય છે; આવી રીતે વિચારવાથી અને શ્રદ્ધાથી બાહ્યભાવ છોડતાં અન્તરાત્માદ્વારા કલ્પના જાલ મટવાથી પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત થાય છે.

બહિરાત્મા જ્યારે પોતા માટે સુંદરરૂપ, આયુ, બલ, ધન ઇત્યાદિ ને ચાહે છે ત્યારે અન્તરાત્મા જીવો તેનાથી છુટવા માંગે છે.

આત્માને જાણવાવાળા જ્ઞાનીઓ, ડાહ્યા પુરૂષ જેમ વસ્ત્ર મલિન હોવાથી છોડી દે છે, તેમ આ દેહને ગ્લાનિનું સ્થાન અને

આત્માથી ભિન્ન માની તેનો ત્યાગ કરી દે છે. જેથી—આત્માને આત્માદ્વારા જ આત્માથી શરીર ભિન્ન છે તેમ જાણવું જેથી સ્વપ્નમાં પણ શરીર તેજ હું એવી બુદ્ધિ ન થાય.

આત્મા શરીરથી ભિન્ન છે તેની સાબિતી માટે સ્વપ્નનું દૃષ્ટાંત બરાબર છે. જેમ એક માણસ સ્વપ્નમાં પોતાનો વધ થયેલો માની જાગૃત થતાં પોતાનો વધ થયેલો તેને જેમ જણાતો નથી, અને તે જેમ ભ્રમ છે તેમજ દેહના નાશે આત્માનો નાશ માનવો તે ભ્રમ છે, જેથી આત્મા અમર છે અને મરણ નથી, તેથી તે દેહથી જુદો છે એમ ખાત્રી થાય છે.

હવે આટલા ઉપરથી જણાય છે કે શરીરાદિકમાં આત્મપણું માનવાથી કર્મથી છુટી શકાતું નથી. જેથી આત્મસ્વરૂપ જાણવા માટે અને તે જાણી તેની મુક્તિ થવા માટે આત્મજ્ઞાનની જરૂર છે. તે આત્મજ્ઞાન એવું હોવું જોઇએ કે દુઃખ આવે તોપણ ડગે નહી. તેટલુંજ નહીં પણ દુઃખ આવતાં જ્ઞાનીઓ જેમ તત્વનો અનુભવ કરે છે તેમ થવું જોઇએ. વળી તપાદિક ક્રિયાઓ કરતાં અને પરીષહ અને ઉપસર્ગ આવે તોપણ જરાપણ ચલાયમાન થવાય નહીં એવું આત્મજ્ઞાન પ્રાપ્ત થયા સિવાય અન્તરાત્મપણું પ્રાપ્ત થઈ પરમાત્મપદ પ્રાપ્ત થશે નહીં. જેથી તેવું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા, તેમજ બાહ્ય વસ્તુઓથી આત્મા જુદો છે અને જ્ઞાન દર્શન ચારિત્રાદિ અનંત ગુણમય આત્મા તેજ હું (આત્મા) છું, તેવું સ્વ સ્વરૂપ પ્રગટાવવાને માટે સમ્યક્જ્ઞાન મેલવવાની જરૂર છે. કારણ કે તે સિવાય આત્મ સ્વરૂપનું ભાન ન થતાં અનંત એવું મોક્ષ સુખ પ્રાપ્ત થતું નથી જેને માટે શાસ્ત્રકારોએ પણ કહ્યુંછે કે **सम्यक् ज्ञान दर्शन चारित्राणि मोक्ष मार्गाः** (મોક્ષ માર્ગની પ્રાપ્તિ જ્ઞાન દર્શન ચારિત્રથી થાય છે.) એ સૂત્ર દરેક મુમુક્ષ જીવોએ હૃદયમાં ધારણ કરી રાખી પોતાનું ખરૂં સ્વરૂપ ઓલખવાની અગત્યતા છે.

V

# સત્ય.

સત્યતાની દીપતિ જેનાં, ઉર મંદીરે શોભે છે;
તેહ મનુષ્યનાં ગુણગણ ઉપર, દેવ દાનવો લોભે છે.

પૂર્વ કર્મના સુયોગથી મનુષ્ય જન્મરૂપ અમુલ્ય હીરો પ્રાપ્ત થએલો છે, તે હીરાની કીંમત કરાવવામાં પાસા પાડવાની પ્રથમ જરૂર રહે છે—અને પાસાથીજ પૂર્ણ કીંમત મળી શકે છે, પરંતુ તેની કીંમત કરવામાં વિનય, ક્ષમા, ઔદાર્યતા, દયા, સમતા, અને સત્યાદિ અનેક સુકીર્ણ રૂપ સદ્દગુણોની સહાયતા લેવી પડે છે. તો તે દરેક ગુણો સાથે મુખ્યતઃ સત્યને પ્રાધાન્યપદ આપવામાં આવ્યું છે; કારણ કે સત્ય એ આ સૃષ્ટિના વિકાસ ક્રમમાં અત્યુપયોગી પ્રબલ તત્વ છે. સત્યના આધારે સર્વ પ્રાણીઓનો જીવન વ્યવહાર સરલ રીતે ચાલી શકે છે, અને અસત્યતાની અંધારી આંખપર ચડાવવાથી અનેક દુઃખ રૂપ ઝેરી કીડાથી ખદબદતા કુવામાં પડી મરી દુઃખો સહેવા પડે છે; એટલું નહિ પરંતુ સત્ય વિના જીવન પ્રકાશ નિસ્તેજ જેવું ગુજારવું પડેછે. સત્યવિનાનું સુખ કોકી વિનાની આંખ જેવું ફીકું છે—સત્યની સોડમાં સૂવા માટે આ જીવન સર્જાયેલું છે. નહિ કે અસત્યતાની આગમાં બળી ભસ્મ થવા માટે. સત્યતાની સુંદર સુખમય વાટીકામાં આનંદથી વિચરવું, સત્યતાના શીતલ તાપહર નિર્મળ સરોવરનાં મીઠા જલમાં ખેલવું, સત્યતાની સુંદર સતારનાં મનહર કર્ણપ્રિય ચીત્તહર ગીતો સુણવા, સત્યતાની સુંદર અવિકારી ચક્ષુથી લક્ષ અલક્ષના અનેક રંગો—નવલી રસતો અને સુરંગ સ્થાનનું અવલોકન કરવું એજ મનુષ્ય જીવનનો ઉદ્દેશ છે. પરંતુ તેથી ઉલટી રીતે અસત્યતાની તરવાર નીચે માથું નમાવી શિરચ્છેદન કરાવી ફાટી આંખે માટીમાં મળી જવું એ પોતાની કીર્તિને કાળો ડાગ લગાડવા જેવું છે. માટે સત્યતાની સુરખ ઢાલને હસ્તમાં ધારણ કરી, સંસાર રણમાં આવતા દુર્ગુણ રૂપ દુશ્મનોની સામે દ્રઢતાની સમશેરથી ઝુઝવા વીર બની

સદા તત્પર રહેવું. પરંતુ અસત્યાદિ દુર્ગુણો રૂપ રાક્ષસોને ઉર-ઘરમાં આવકાર આપવો નહિં. કારણકે તે રાક્ષસો પોતાનું તો ભક્ષણ કરી જશે પરંતુ તે સાથે આજુબાજુના સગા સંબંધી તેમજ આડોશી પાડોશીને પણ ત્રાસ વર્તાવી વિનાશની અંધીથી અંધકારમય કરી મુકશે. તો હે બંધુઓ! જો સંસાર સમુદ્રને તરી પાર થવા ચાહતા હો, જો જગતની જંજાલને તોડી ફોડી મુક્તિ સુખ સંપાદન કરવા ઇચ્છતા હો,—આ દુનિયામાં સલગતી આગથી બચવા ઉત્કંઠ હો, ભવાટવીમાં ભટકતાં અટકવું હોય,—જીવનનું સાફલ્ય કરવા ચાહતા હોઇએ, તેમજ જન્મ, મરણનાં અનંત દુઃખોથી દૂર થવા દીલમાં ભાવ હોય, અને છેલ્લે જો સંસાર સુખ રૂપ કરી માત તાત અને પોતાની કીર્તિને દીપાવવા ચાહતા હોઈયે તો સત્યતાની કીર્તિ રૂપી ટીલી ભાલપર કરી મોક્ષ સાધી લેવા તૈયાર થવું.

જે મનુષ્યો સત્યતાને ગ્રહણ નહી કરતાં લક્ષ્મીની લાલચમાં લલચાઇ જઇ અનેક રીતે અસત્ય બોલે છે, તેનું પરીણામ ઘણા કાલ સુધી ભવાટવીમાં ભટકવું પડે છે તે આવે છે. અરેરે! કરેલાં કુકર્મોનાં કેવાં કડવાં ફળો ભોગવવાં પડે છે, તે શાસ્ત્રોદ્વારા મહાત્માઓ આપણને પોતાના બુલંદ અવાજથી શ્રવણ કરાવે છે. તદ્પિ આપણા પથ્થર જેવાં હૃદયમાં યત્કિંચિત્ અસર થતી નથી, એ કમભાગ્યની નિશાની છે. જે મનુષ્યો સત્યતાના શૃંગારથી શોભતો નથી; જે પુરૂષ સત્યતા રૂપ શર્કરા આરોગતો નથી, તે મનુષ્ય જીવતો છતાં મુઆ જેવો છે. સત્યતાની સર્વોત્તમ સંગત ત્યજી એવો કોણ મુર્ખ શિરોમણી આ સૃષ્ટિપર હસ્તિ ધરાવે છે કે, જે અસત્યતાના પાયા વિનાની અટારીપર શાન્તિ લેવા ચડતો હશે. હાય! અફસોસ છે કે જ્યારે સત્યતાને માટે અનેક મહાન્ સત્યવાદી પુરૂષોએ પોતાના પ્રાણની પણ દરકાર કરી નથી, ત્યારે પરમાત્મા રૂપી માલેકની આજ્ઞાનું ઉલંઘન કરી આપણે ઉલટી રીતે ચાલીયે છીયે તો એક પશુથી પણ વધારે હલકા છીયે. અરે! કોઈ ફોટોગ્રાફર પણ તેવા મનુષ્યનું ચિત્ર લેવા સમર્થ થતો નથી. કોઈ કવિ તેનું કાવ્ય કરી કલમને લજાવતો નથી, જેથી સત્યતાને

સ્વર્ગમાં જવાની સીડી સમાન જાણી તેનું પાલન કરી, સ્વર્ગ અને મોક્ષનું સુખ સંપાદન કરી દરેક પ્રાણી શાન્તિ ભોગવો.

સદા રહો સંસારમાં, સુખે શાન્તિ નરનાર;
આશીષ આપું હોંશથી, સફળ કરો અવતાર.

લી.
વિનય.

# સાચું સુખ શેમાં સમાયેલું છે ?

દરેક મનુષ્યના વ્યવહારનું અવલોકન કરીશું તો જણાશે કે મનુષ્ય માત્ર સુખ પ્રાપ્તિ અર્થે અનેક પ્રયત્ન કરતા જણાય છે. દરેક કાર્યમાં, દરેક પ્રસંગમાં, દરેક પ્રવૃત્તિમાં, દરેક સ્થલમાં, પ્રત્યેક સંબંધમાં, અને દરેક પલમાં સુખ સંપાદન કરવાનો ઉદ્દેશ મુખ્ય હોય છે, અને રાયથી રંક માંડીને તમામ મનુષ્યો ગમે તેવા (?) સુખની શોધમાં મચેલા હોયછે, અને તે મળવાની લાલસા યાને આશા-તૃષ્ણા ગમે તેવી દુષ્કર અને વિકટ ઘટનામાં મનુષ્યને દોરે છે.

ખરૂં સુખ શેમાં સમાયેલું છે, કેવી કેવી પ્રવૃત્તિ અને કાર્યોથી તે પ્રાપ્ત થશે તે કોરે મૂકી ગમે તેવી ઘટનામાં સુખ માટે મનુષ્યો ઝંપલાય છે.

આપણા ધર્મના શાસ્ત્રોમાં તે માટે શું ફરમાન છે ? તેમાનાં બોધનો શું સારાંશ છે ? જુદા જુદા ધર્મના આંતરિક આશયો શું છે, તે જાણવાની ખાશ આવશ્યકતા છે. ગમે તે આર્ય અનાર્ય ધર્મના ખરા તત્વોનું અવલોકન કરશું અને તે શાન્ત અને નિષ્પક્ષપાત ચિત્તે જોઇશું તો તેમાં સર્વમાન્ય રહસ્ય એ જણાશે કે, દુઃખ નિવૃત્ત કરી સાચા સુખની પ્રાપ્તિ કરવી; (જે સુખ પછી કોઇ વખત દુખ આવેજ નહીં તેવા ) એ મનુષ્ય જીવનનું મુખ્ય કર્તવ્ય અને સાર્થકતા છે, અને એજ મનુષ્યના એક સાધનથી પ્રાપ્તવ્ય વસ્તુ છે.

અત્યારે અવલોકન કરીશું તો જણાય છે કે સુખની શોધમાં સર્વ કોઈ નિમગ્ન જણાય છે. પરંતુ તે પ્રાપ્ત કરવાના સાધન અને પ્રકારો સર્વના એક સરખા જણાતા નથી. કોઇ લક્ષ્મીના લોભથી લુચ્ચાઈ પોતાના વ્યવહાર અને વેપાર આદિમાં અનેક જાતની ઠગાઇ વિશ્વાસઘાત કરી લોકોના ગળાં રહેંસી પૈસો એકઠો કરવામાં સુખ સમજેછે, તો કોઇ પરસ્ત્રી ગમન બની તુચ્છ વિષયમાં પોતાનો પૈસો આબરૂ અને શરીરની હાનીનો હોમ કરી સુખ માને છે, કોઇ ગાડી લાડી અને વાડી વિગેરેના વૈભવમાં અને અધિકારના અંધકાર અને અહંકારમાં અસ્થીર સુખ માને છે, કોઇ પૈસાને પોતાનો પરમેશ્વર માની પ્રાણ જાયે પણ પૈસો ન ખરચવો ન વાપરવો એવી કંજુસાઈમાં સુખ માને છે, કોઈ પોતાની સ્ત્રી અને છોકરાં છૈયાને જ માત્ર પોતાની દુનિયા માની કુટુંબના વ્યવહારના ગુંચવાડામાં ગુંચાતા સુખ માને છે, કોઇ પોતાના ધંધા રોજગારના રસ્તામાં માથું મારવાનુંજ માત્ર એક ઇંદ્રિનું જ્ઞાન રાખી તેમાં સુખ માને છે, કોઇ પોતાની કીર્તિ વધારવામાં અને લોકો વાહવાહ કેમ બોલે તેમાં સુખ માની તેની ભ્રાન્તિમાં ભુલા પડેલા છે, કોઈ સંસારની ઉપાધિયોથી કંટાલી દુર જંગલમાં અખાડો જમાવી પોતાની ત્યાગ વૃતિથી સુખ માનેછે, કોઈ પોતાના ઉદર પોષણ માટે ભીખ માગી પુરૂં કરવામાં સુખ માનેછે, પરંતુ તેવા થોડાજ હશે કે સંસારની આધિવ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલ છતાં, વ્યવહારમાં ડુબી ગયેલ છતાં આ સંસાર સમુદ્રના ચિત્ર વિચિત્ર રંગિન પાટાઓના છલંગોમાં ન ભરાતા, ન દબાતાં, ન મુંઝાતાં ખરા સુખ શોધવા અને પ્રાપ્ત કરવા, પોતાના બહિરાત્માને અંતરઆત્મા અને પરમાત્મા પણું પ્રાપ્ત કરવાના પ્રયાસમાં સુખ માનતા હોય !

ઉપર પ્રમાણે ભિન્નભિન્ન મનુષ્યો ભિન્નભિન્ન પ્રકારે સુખ શોધતા જણાય છે, ત્યારે આપણી આ મનુષ્ય જીંદગીમાં આપણે જે પ્રયત્ન આદર્યો છે, તે સત્ય સુખ—શોધવામાં

સ્ત્રીઓ ભવિષ્યની પ્રજાની માતાઓ છે. વિદ્વાન અને મહાન પુરૂષોનો અભિપ્રાય છે કે કોમ અને દેશનો ઉદય કરવાનું મુખ્ય સાધન કેલવાયેલી માતાઓ છે. કેલવાએલી માતાઓ સો માસ્તરો અને હજાર પિતાની ગરજ સારે તેવી છે. જેને માટે પાશ્ચિમાત્ય વિદ્વાન જ્યોર્જ હરબર્ટ કહે છે કે—

One good mother is worth a hundred school-Masters.

**Geroge Herbert.**

વળી તે સાથે યુરોપ ખંડમાં વીરત્વને માટે પ્રસિધ્ધ પામેલ નેપોલીયન પણ કહે છે કે-

કહે નેપોલીયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દ્યો માતાને જ્ઞાન.

પુત્ર કે પુત્રી જન્મે ત્યારથીજ પ્રથમ માતાના સહવાસમાં વધારે રેહતા હોવાથી, માતા કેળવાયેલી–સુશિક્ષિત હોય તો તેના (પુત્રપુત્રીના) શરીર મન બુદ્ધિ વિગેરેનો વિકાસ, તેમના સુચરિત્રો, અને ઉન્નતિ વિગેરે મોટી ઉમરે થાય છે. જેથી દરેક ગૃહમાં આવી રીતે જો સ્ત્રી કેલવાયેલી હોય તો તેના બાળકો ભવિષ્યમાં મહાન પુરૂષો બની દેશની, કોમની, કુટુમ્બની, સમાજની ઉન્નતિ કરી શકે છે. જેથી દેશની કે તેમાં વસનારી પ્રજાની ઉન્નતિ કરવાની ઇચ્છા રાખતા હોઇએ તો, પોતાની પુત્રીઓ કે જે ભવિષ્યમાં માતાઓ થવાની છે, તેને સારી કેળવણી આપી, જ્ઞાનવાન, બલવાન, વ્યવહાર કુશલ, અને નીતિમાન બનાવવાની ખાસ જરૂર છે.

એક પુત્રને કેળવણી આપવાથી માત્ર તે પોતે કેલવાય છે, અને પુત્રીને સારૂં શિક્ષણ આપવાથી તે કુટુમ્બને કેલવી શકે છે.

હજુ કેટલાક જૂના વિચારના અને બીન કેળવાયેલા અને બીન અનુભવી વૃદ્ધ પુરૂષો “સ્ત્રીને કેલવણી આપવાથી તેઓ સ્વચ્છંદી બને છે, તેઓને કેલવણી આપવાથી તેમનું અનિષ્ટ બને

છે” એમ કહે છે. અને વિશેષમાં સ્ત્રીને નોકરી કરવા કે કમાવા જવું નહીં પડતું હોવાથી કેળવણી આપવાની જરૂર નથી, એમ કહી અટકાયત કરે છે તે કેટલું શરમ ભરેલું છે. તેઓએ વિચારવું જોઇએ કે આ વિષયમાં ઉપર બતાવવામાં આવ્યું તેમ પ્રાચીન અને અર્વાચીન કાલમાં અને વિશેષમાં અનાદિ કાલથી સ્ત્રીઓને કેલવણી આપવામાં આવતી એ નિઃસંદેહ સિદ્ધ થાય છે, અને ધર્મ શાસ્ત્રનું અવલોકન કરતાં પણ તે વાત વસ્તુતઃ સાચી જણાય છે.

પુત્રી કે સ્ત્રીને જો કે દ્રવ્યોપાર્જન કરવાનું કે નોકરી કરવા જવાનું નથી, પરન્તુ સ્ત્રી જીવનના કર્ત્તવ્ય વ્યવહારિક તેમજ ધાર્મિક બજાવવાને, જેવા કે ઘર વ્યવસ્થા–સુઘડતાઇ–રાંધવું કરકસરના નિયમો, સાધારણ નામું રાખવું, શીવવું, ગુંથવું, ચાકર નોકર, તેમજ કુટુમ્બ અને કોમ તેમજ સગા સંબંધીઓ સાથે કેમ વર્ત્તવું, બાળકો શી રીતે ઉછેરવા અને તેને ઉચ્ચ શિક્ષણ આપવું, સાધારણ વૈદક જાણવું–અને નવરાશનો વખત કેમ ગાલવો, પતિ અને વડિલોની સેવા અને તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું, પોતાના શિયલનું રક્ષણ કરવું, પ્રભુ ભક્તિ કરવી વિગેરે આ અને બીજા કર્તવ્યો બજાવવા માટે સ્ત્રીને નાનપણથીજ સારી કેલવણી આપવાની ખાસ આવશ્યકતા છે.

કેળવણીથી કોઇપણ મનુષ્ય ખરાબ થતું હોય તો પુરૂષો પણ થવા જોઇએ–કોઇપણ પુત્ર કે પુત્રીને નાનપણમાં જોઇએ તેવી કેલવણી નહીં આપવાથી, તેમજ બીલકુલ કેલવણી નહીં આપવાથી, ખોટા લાડમાં ઉછેરવાથી, દરેક ભૂલોની દરગુજર કરવાથી, તેઓને નિરંકુશ રાખવાથી, અને છેવટે મોઢે ચઢાવવાથીજ સ્ત્રી કે પુરૂષ અમુક ઉમરે ખરાબ સંયોગો પ્રાપ્ત થયે સ્વચ્છંદી બને છે, જેથી આવું ન બનવાને માટે તો બન્નેને ખાસ કેલવણી આપવાની જરૂર છે.

કેટલીક વખત પુત્રીને કેલવણી આપવાથી અને પુત્રને ઓછી કે નહીં આપવાથી, તેમજ કેટલીક વખત પુત્રને કેલવણી આપવાથી અને પુત્રીને નહીં આપવાથી ભવિષ્યમાં થનારાં પતિ પત્નિના તેવા સંબંધે અણબનાવ થતાં કેલવણીને હલકો પાડવાના દાખલાઓ બનતા આપણા જોવામાં આવે છે જેથી બન્નેને ખાસ કેલવણી આપવાની આવશ્યકતા છે.

પ્રાચીન કાલની સ્ત્રીઓ–સુલસા–સુભદ્રા–ચંદન બાળા–દ્રૌપદી સીતા–મયણરેહા–મૃગાવતી–વિગેરે અનેક સ્ત્રીઆ કે જેણે પોતાને અનેક મરણાંત કષ્ટો પડયા છતાં પોતાનો જે ધર્મ સાચવી શકી છે, અને અત્યારે આપણે જેને પૂજ્ય અને વંદનીક ગણીએ છીએ, તેવી સ્ત્રીઓએ ઉચ્ચ કેળવણી લીધેલી હતી જેથીજ પોતાનો ધર્મ શું છે તે જાણી ગમે તેવી મુસીબતના વખતમાં પણ પોતાનું શુધ્ધ ચારિત્ર સાચવી શકી છે, જેથી સ્ત્રી કેલવણી આપવાની પ્રથમ અને ખાસ આવશ્યકતા છે.

આપણા ધર્મ શાસ્ત્રોમાં મહાન તીર્થંકર મહારાજાએ અને બીજા મહાન પુરૂષે કહ્યું છે કે પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા (ક્રિયા) એ સામાન્ય અને સર્વ પ્રાણી આશ્રિ હોવાથી પ્રથમ જ્ઞાન મેળવવું તે સ્ત્રી અને પુરૂષ બંનેને માટે હોવાથી સ્રીઓને પણ ખાસ કેલવવાની અગત્યતા છે.

( અપૂર્ણ. )

V.

# પ્રબંધ માલા.

## જાવડ શાહનું ચરિત્ર.

કંડુલ નગરમાં **પરમાર** નામે રાજા હતો. તે નગરમાં **જિનદત્ત** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેને **નેમિદત્ત** નામે પુત્ર

હતો. એક વખતે રાજાએ તે શેઠની પાસે જબરજસ્તીથી લાખ સોનૈયા દંડ લીધો; તેથી તે શેઠે **મધુમતી** નગરીમાં જઇને અર્ધ વાસ કર્યો. એક વખતે તે નગરીમાં કોઈ શ્વેત હાથી આવ્યો. તે શેઠે તે હાથી લઇ અવંતિ નગરીના રાજા વિક્રમને ભેટ કર્યો. રાજા વિક્રમે તેથી સંતુષ્ટ થઈ તે જિનદત્ત શેઠને ચોરાશી ગામની સાથે તે મધુપુરી અર્પણ કરી જેથી જિનદત્ત શેઠ એક રાજા સમાન થયો અને તેણે પોતાના સ્વજનોને સારો સત્કાર કર્યો. જિનદત્ત શેઠને **જયતલ્લદેવી** નામે એક સ્ત્રી હતી. તેણીએ **ભાવડ** નામના એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. **ભાવડ** જ્યારે ત્રણ વર્ષનો થયો એટલે તેની માતા જયતલદેવીએ સ્વર્ગવાસ કર્યો હતો. પછી સદ્બુદ્ધિવાલા જિનદત્ત શેઠે પોતાના પુત્રને સો વર્ષની આયુષ્યવાલો ધારી બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કર્યું હતું અને આ સંસારની ઉપાધિમાંથી મુક્ત થઈ આત્મ સાધન કર્યું હતું.

ભાવડ બાલ્યવયથીજ ચતુર બુધ્ધિવાલો હતો. અનુક્રમે તે યૌવન વયને પ્રાપ્ત થયો. ભાવડ જ્યારે યૌવન વયમાં આવ્યો, ત્યારે તેની પાસેના ગામમાં રહેનારા કેટલાએક સ્વજનો સુલલિતા નામની એક કન્યા લઈ તેની પાસે આવ્યા હતા. તે કન્યાને જોઇ ભાવડે કહ્યું કે, "જે કન્યા વાદ–વિવાદમાં મને જીતી લે, તે કન્યાની સાથે હું પાણિ ગ્રહણ કરીશ" ભાવડની આ પ્રતિજ્ઞા જાણી તે સંબંધીઓ નાશીપાશ થઇ વિમુખ થયા હતા.

ચતુર બુદ્ધિવાળી સુલલિતાએ ભાવડની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને સરસ્વતીની આરાધના કરી હતી. પ્રસન્ન થયેલા સરસ્વતીએ સુલલિતાના મુખમાં વાસ કર્યો હતો. પછી સુલલિતા પોતાની સખીઓથી પરિવૃત થઇ ભાવડની સાથે વાદ કરવાને આવી હતી.

સુલલિતા જ્યારે વાદ કરવાને તત્પર થઇ ત્યારે ચતુર ભાવડે તેણીને કહ્યું "આ જગત્‌માં સ્ત્રીઓ મૃષાવાદી, માયાવી, નિર્દય, અપવિત્ર, જડ, લોભી, અને દોષોનું મંદિર છે. તેવી સ્ત્રીઓનો સંગ સજ્જન પુરૂષોને આનંદદાયક થતો નથી. એક દોષ પણ

દોષને માટે થાય છે તો જે ઘણાં દોષોનું સ્થાન છે, તે કેમ ન થાય ? ચતુર સુલલિતા ઊંચે સ્વરેથી બોલી–આ જગતમાં કહેવત છે કે, "લોકો પર્વત ઉપર બળે તે જુવે છે, પણ નીચે પોતાના પગતળે બળે છે, તેને જોતા નથી." આ લૌકિક કહેવત તમારા વચનમાં ખરેખરી સાબિત થાય છે. જો કે શાસ્ત્રમાં સ્ત્રીઓને દોષ પાત્ર ઠરાવી છે, અને તે સત્ય છે, પરંતુ તમારા વચનની સામે થવાની ખાતર મારે અહિં કહેવું પડે છે. કે "આ જગત્‌માં રાજા યુધિષ્ઠર સત્યવાદીઓમાં અગ્રેસર અને પુરૂષોમાં મુગટમણિ ગણાયો હતો, તથાપિ તેણે વૃદ્ધ અને બ્રાહ્મણ ગુરૂ દ્રોણાચાર્યની આગળ '**नरो वा कुंजरो वा**' એવું અસત્ય બોલી પૃથ્વીપર પાડયો હતો. 'સ્ત્રીઓ માયાવી હોય છે અને પુરૂષો પ્રાયે સરલ હોય છે' એ કહેવત વણિક પુરૂષોએ ખોટી કરી દીધી છે. વણિક વિદ્યામાં સર્વત્ર માયાજ રહેલી છે. અભયકુમાર અને પ્રદ્યોતના સંબંધમાં કેવી વાત બની હતી. તેમાં કપટથી ઉદયન રાજાને કાષ્ટના પીંજરામાં પૂર્યો હતો. એ વાત જન પ્રસિદ્ધ છે. કંસે ક્રૂરતાથી સાત બાલકોને માર્યા હતા. લૌકિકમાં કહેવાય છે કે, વિશ્વામિત્રે વસિષ્ઠના સો પુત્રોની શી સ્થિતિ કરી હતી. તમે સ્ત્રીઓને મૂર્ખ કહો છો પણ અધિકારને પ્રાપ્ત થયેલા કયા પુરૂષો પોતાના અધિકારના મદમાં મૂર્ખ નથી બનતા તેનો વિચાર કરો ભરત જેવા સમર્થ ચક્રવર્ત્તીએ લોભને વશ થઈ પોતાના ભાઈ બાહુબલિ ઉપર ચક્ર છોડયું હતું અને સુભૌમ ચક્રવર્ત્તી સમુદ્રમાં ડુબી ગયો હતો. તે ઉપરથી સાબીત થાય છે કે, જેવી રીતે સ્ત્રીઓ દોષની સ્થાન રૂપ છે, તેવી રીતે પુરૂષો પણ દોષના સ્થાનરૂપ જોવામાં આવે છે. સુકુમારિકા વગેરે સ્ત્રીઓએ જેમ નઠારૂં પ્રવર્ત્તન કરેલું છે, તેમ ગોશાલા વિગેરે પુરૂષોએ પણ નઠારૂં પ્રવર્ત્તન કરેલું છે."

સુલલિતાના આ વચન સાંભળી ભાવડે ફરી વાર કહ્યું—"પ્રદેશી રાજાને તેની સ્ત્રીએ વિશ્વાસઘાત કરી વિષ આપીને માર્યો હતો. એ વાતનો વિચાર કરો."

સુલલિતા ઉંચે સ્વરે બોલી—તમારા પુરૂષોમાં એથી પણ વધારે વાતો બનેલી છે. કૌરવપતિ દુર્યોધને પોતાના કાકાના પુત્ર પાંડવોને વિષ આપ્યું હતું. વળી તેમની પાસેથી રાજ્ય લેવાની ઇચ્છાથી તેણે અગ્નિદાહથી પાંડવોને બાળવાનો પ્રયત્ન કર્યો હતો. અને સ્વજનોની સાક્ષીએ તેમની સતી સ્ત્રી દ્રૌપદીના વસ્ત્રોને હરી લીધા હતા. પુણ્ય શ્લોક નળરાજાએ જુગારથી રાજ્યને હારી પોતાની ગુણવતી સ્ત્રી દમયંતીને વનમાં રઝળતી મુકી હતી. કહો, પુરૂષો કહેવા હોય છે ?

ભદ્ર–હવે સ્ત્રીઓ કેવી ઉંચી જાતની પણ હોય છે, એ વાત પણ તમારે સાંભળવી જોઇએ. ત્રણ જગતને પૂજનીય અને વંદનીય એવા તીર્થંકરો સ્ત્રીનાજ ઉદરથી ઉત્પન્ન થયેલા છે. બ્રાહ્મી અને સુંદરી પણ સ્ત્રીઓજ હતી. તેમણે રચેલા ગ્રંથો પુરૂષ વર્ગને વિશેષ ઉપયોગી થઈ પડેલા છે. મદિરાપાની, જુગારી, ચોર અને બંદીવાનો એ બધા પુરૂષોજ હોય છે. સ્ત્રીઓ હોતી નથી. તે ઉપરથી ' સ્ત્રીઓ પુરૂષોના કરતાં હલકી છે, એમ કહેનારાઓ અલ્પબુધ્ધિવાળા છે; એમ સમજવું ; કારણકે, સ્ત્રીઓ પોતાના પ્રવર્ત્તનમાં પુરૂષોથી અધિક છે. સન્નારીઓ પોતાના પતિને ઇષ્ટ દેવવત્ માનીને સેવે છે. પતિ મૃત્યુ પામતાં તેની પાછળ સાથે મરવા તૈયાર થાય છે. જે સ્ત્રી પતિ પાછળ કદિ મરે નહીં, તો તે પોતાનો સર્વ શ્રૃંગાર છોડી વૈધવ્ય પાળે છે. આવી ઉત્તમ સ્ત્રીઓની આગળ પુરૂષો કેવા હલકા છે ? તેનો વિચાર કરો. પુરૂષ પોતાની સ્ત્રી મૃત્યુ પામતાં તેની પાછળ મરવા તૈયાર થતો નથી, તેમ પોતાના શ્રૃંગારને છોડતો નથી. ઉલટો આયે કરીને તે બે ત્રણ વાર પરણવાને તૈયાર થાય છે, તથાપિ એ પુરૂષ જાતિ શ્લાઘનીય ગણાય એ કેવી વાત ? સ્વજનોની વચ્ચે વિવાહ વિધિથી ગ્રહણ કરેલી ગ્રહિણીને ત્યાગ કરનારા પુરૂષો પણ જગતમાં જોવામાં આવે છે. ભદ્ર, આવા પુરૂષોને સર્વોત્તમ ગણવા એ વાત સર્વ રીતે અસંભવિત છે. ચમત્કાર કરનારૂં એ પુરૂષોનું ચરિત્ર અન્યાયથી ભરપૂર હોય છે.

વળી કેટલી એક સ્ત્રીઓ આ જગતમાં એવી પણ થઈ છે કે, જેમનાથી પુરૂષોની વિખ્યાતિ થઇ છે. જુવોને, બ્રહ્મા બ્રહ્માણીથી વિખ્યાત છે. મહાદેવ ગિરિજાથી ગૌરવતાને પામેલ છે અને લક્ષ્મીથી સાગર સમુદ્ર (મુદ્રા સહિત) કહેવાયો છે. એક અનુભવી વિદ્વાન્ સ્ત્રીને માટે નીચેની એક સુંદર કવિતા લખે છે.

**" गृहचिंताभरहरणं मति वितरण निखिलपात्र सत्करणम् ।**
**किं किं फलति नतुंसां, गृहिणी गृहं कल्प वल्लीव ॥ १ ॥**

"ઘરની ચિંતાના ભારને હરનારૂં, બુદ્ધિને આપનારૂં અને સર્વ સત્પાત્રોને સત્કાર કરનારૂં એવું ગૃહિણીવાળું ઘર કલ્પલતાની જેમ પુરૂષોને શું શું ફલ નથી આપતું ? ૧"

હે ભદ્ર, "આ પ્રમાણે સ્ત્રીઓના ગુણોનો દ્વેષ છોડી, કદાગ્રહ મુકી દઇ અને હૃદયથી વિચાર કરી તમે ગુણરાગી બનો, એજ મારી વિનંતિ છે."

સુલલિતાના વચનની આવી યુક્તિથી ભાવડ અતિશય રંજિત થઇ ગયો પછી તરતજ શુભ લગ્નવાળા દિવસે મોટા ઉત્સવથી તેણે સુલલિતાનું પાણિ ગ્રહણ કર્યું હતું. અને તેણીની સાથે તે ગૃહ સુખ ભોગવવા લાગ્યો.

(અપૂર્ણ.)

# दिक्षामहोत्सव.

अहाहाहा क्या अपूर्व समयहैं महरिषी कलिकाल सर्वज्ञ्य समान न्यायांभ्यो निधि जैनाचार्य श्री१००८ स्वर्गवासी श्रीमान् विज्यानंद सूरिश्वर प्रसिद्ध नाम आत्मारामजी महाराजके शिष्य वर्ग मेंसे वादि मुख भंजन माहात्मा श्रीमान् वल्लभविजयजी महाराज

ललितविजयजी विमलविजयजी सोहनविजयजी विद्यानाविजयजी विविधविजयजी महाराजके जैपुरनगरमें प्रवेस होतेही वो आनंद छारहाहै कि लेखनीकी शक्तीनही जो लिखसके धजा पताकाओंसे मंदिर उपासरे धर्मस्थान सब सजाये गये हैं युवा वृद्ध बालसभी मनुष्य हाथी घोडे वेंड बाजे आदि जल्लूसके साथ महाराजश्रीको जैकारोंकी ध्वनी सहित नगरमें लाये हैं नित्य पूजा प्रभावना ओर स्वामी वत्सल्योंके ठाठ हो रहे हैं सभा और पाठशालाभी स्थापित होगईहै हमेशा व्याख्यान और उसमेंभी प्रभावनाहो रहीहै अतीव प्रशंसनीय धर्मके कृत्य किये जारहेहैं मोहनवाडीको श्रीजीकी सवारी बडे भारी समारोहसे निकलीहै पांच (५) अठाई महोत्सव होचुकेहैं यहांसे २४ मीलपर खोवामें एक हजार वर्षका प्राचीन जिन मंदिरहै लोग वहां कम आयाजाया करते थे पर महाराजश्री के उपदेशसे वहांको संघ निकाला गया है वर्षमें एक बार वहाके जिन मंदिरजीके दर्शन करनेका सबने नियम लियाहै इत्यादि बहुतही उत्साहपूर्वक जैपुरना वासी भाईयोने धर्मकी जो महिमा महाराजश्रीके पधारनेसे कर दिखाई है उसका खुलासा बरनन् अलेहदा (खुशखबर) में पाठक वर्गके जानने वास्ते लिख चुकेहैं अब कुच्छ उनका बरनन करतेहैं जो तीन महाशय वेराग रंगमें रंगे हुवे महाराज साहबके साथहैं सबसे वडे श्रीमान किशनलालजी ब्राह्मण जिला मेरठ निवासीहैं जोदिक्षाको प्रतीक्षाकर रहेहैं दूसरे श्रीमानलाला अच्छरमलजी तीसरे लालामच्छरमलजी औसवाल नाहर गौत्र होश्यारपुर मुल्क पंजाब निवासीहैं पिताका नाम नत्थुमलजी माताका नाम जहोदेवीहै घरके मालदार सरीफहैं आयू लगभग २० वर्षकेहैं विवाहकी तैयारीहीथी कि दोनो भ्राता इस संसारको असार समझकर जिस प्रकार साथही जन्मलिया उसी प्रकार

साथही दिक्षा लेनेको तत्पर हुवेहैं अपने मालकोभी इस प्रकार बांटदियाहै कि एक १००० हजार रूपया अपने भत्रीजे लाला अमरनाथ गौरामलजीके पुत्रको देदिया और २१६ रूपया श्रीजिन मंदिर जैपुर और पंजाब और पुजारी वगेरहको दिया और दुकानादि धर्मार्थ अर्पण करदी तिसका तहरीरी कागज श्रीमान् लाला दोलतरामजी प्रसीडेंट आत्मानंद जैन सभा होश्यारपुरके नाम कर दियाहै और जो रुपया भेटादि वंदोरोंमें प्राप्त होवो आधा जैपुरको आत्मानंद जैनश्वेताम्बर पाठशाला को और आधा बनारसके विद्यार्थीयोंको सहायताको प्रदान करके महाराजश्रीके चर्णोंका सहारालियाहै जैपुर निवासी भाइयोंने इस उत्साहको देख जैपुरमेंही दिक्षा उत्सवकी महाराज श्रीसे प्रार्थना करी और वो मन्जुर होनेपर अन्य नगरोंके भाईयोंको कुमकुम पत्रिका एं भेजी गई और फाल्गुन शुक्ल ६ सेही दिक्षा महोत्सव प्रारंभ करादिया लगातार पंद्रह दिन तक हरहमेश मंदिरजीमें पूजा प्रभावनादि गायन होतेथे नोपद और वीस्थानकका मंडल रचा गयाथा मंदिर धर्मशाळा धजापताकाओसें सुशोभित थीं दिक्षा लेने वालोंको वरघोडे (जल्लूस) के साथ नगरमें फिरानादि धर्मोन्नातिकी क्रिया होतीथी पंद्रहही दिनोमें २७ सत्ताइस वंदोरे निकाले गये ८०० आठसोइ तक मनुष्योंकी भीड साथमें जैकारे बोलती रहतीथी और सब वंदरों में पेडे पतासे और नारयलोंकी प्रभावना होती रहतीथी और एक गौरजाबाईकी तर्फसे स्वामी वत्सल्यभी वडी धूमके साथ किया गयाथा जो जैपुरमें एक महाश्यकी तर्फसे होनेका पहलाही नजीरथा दिक्षाका एक दिन बाकी रहाथा अर्थात चैत्र कृष्णा तीज को छटा औरभी पेहेले दिनोसें केइ मुनी चढचढ करथी कारणके उस दिन रथयात्राकी स्वारी जैपुरके चारों बाजारोंमें होती हुई सायंकाल वापिस मंदिरजीमें आई, जिसकी शोभाही निराली थी. भगवतकी सवारीका हस्ती उपर अम्बारी सुन्हेरी अजब बहा

र दिखा रहीथी समोसरणकी रचना भान पडतीथी इस कदर अपूर्व समयथाकि देखने वालेही समझ सकते हैं सरकारी जाब ता मये हथयारोके साथमें चलताथा आगे २ झंडे निशानवाले चलतेथे बादमें हस्ती सजे हुवे झूंमते जारहेथे उनके उपर जयप ताकाका झंडा लहराताथा. बादमें कोतल घोडे सजाईयुक्त नृत्य करते अजब बहार दिखा रहेथे. उसके बादमें दो बेंड बाजे और नाना प्रकारके वाजित्र बजते जारहेथे उसके बादमें लुधियानेकी आत्मानंद भजन मंडलीवो ललकारकर गुरु भक्तिके भजन सुना रहीथी कि स्त्री पुर्षोंके झुंडके झुंड सुन्नेके वास्ते उपरा उपरी गि[illegible] पडतेथे बादमें होश्यारपुरकी आत्मानंद भजन मंडली पंजाबके अ[illegible] नगरोंकी आत्मानंद भजन मंडलियां भजन करती चलतीथी. बा[illegible] में श्रीजीकी सवारीके आगे जेपुर और आगरे नगरके भाई मधु र ध्वनी पूर्वक भगवाल भजन गाते चले जारहेथे, साथमें माहात्मा श्री १००८ वादि मुख भंजन श्रीमत वल्लभविजयजी महाराजाकि जिनके तपोबलके प्रतापसे आज जैन जातिको शुभ दिन देखना नसि-ब हुवा है सहपरिवार और खरतर गच्छके श्रीपूज्यजी महाराज परि वार सहिते शोभाको चढा रहेथे औरभी केईयतिजी साथमेंथे कि जिनका नाम मुझे नः मालुम होनेके कारण प्रघट नही कर सकता हूं अन्य नगरोंके आये हुवे भाई आगरा–दिल्ली–सिकन्दराबाद होश्यारपुर–गुजरांवाला–समानां–मालेरकोटला–रोपड–जालन्धर लुध्याना–सनखतरा–जेजों–कसूर–किलादीदारासिंह–जम्बू–गुवा लियर-बनारस–कलकत्ता–अजमेर–ब्यावर–पाली–बीकानेर–वडोदा सीरोही–सांभर–मालपुरा–वरखेडा–चाखमू–टोंक–सूरत-आदिकके समस्त हजारों नरनारीयों के दलके दल साथ चलते रहनेके अतिरिक्त वोभी जिनेश्वर भगवानकी जय २ कालिकाल सर्वज्ञ्य समा

न बाबा आत्मारामजी महाराजकी जय मुनि वल्लभविजय महाराजा की जय धर्मका सच्चा रास्ताबताने वालेकी जय इत्यादि जैकारोंकी ध्वनि सहित जैपुर नगरको मोह त करते चले जातेथे. स्वर्गवासी गुरू श्री आत्मारामजी महाराजका नाम युवा बाल वृद्ध सभीकी जुवानपर छा रहाथा सबके मुखसे उसी गुरूको धन्यवाद निकलताथा कि धन्य है उस माहात्माको जिसने हमारे वास्ते माहात्मा श्रीवल्लभविजयजी महाराज जैसे धर्मवीर धर्मका झंडा उठानेवालोंको तैयार कर दिये इसी प्रकारसे नाना भांति उस स्वर्गवासी गुरूका गुणानुवाद होरहाथा उन महात्माओंकी प्रशंसा चारों ओर फैलती देखकर धर्मोन्नतिकी महिमाको नः सहते हुवे एक दो निरक्षर भट्टाचार्योंने वो उत्पात मचायाकि बिरादरीमें टंटा डालने के अतिरिक्त अदालत तक भागे २ फिरे और अपनी मूर्खता प्रघटकीपर अंतमें वोह मूंहकी खाइकि चारों कोनेचित्त गिरे जो सूर्यके सन्मुख धूल उडाई वो उल्टी आंखोमें पडकर स्वयम अन्धा बनताहे और इस जल्लूसकोभीनः देखसका रात्रीको मंदिरजीमें वो झका झक रोशनी हुईकि जिसमें जिनराजकी अंगी वो बहार देरहीथी कि दर्शकोंकी भीड समय समयपर बढ रहीथी लगभग २५० मनुष्य जो पंजाबसे आयेथे इस प्रकार भजन कहरहेथेकि सुननेको इतने मनुष्य मंदिरजीमें जमा होगयेकि बैठने तकको जगहनः मिली समस्त मंदिर ठसाठस मनुष्योंसे भराथा आधी रात्री बीत गइथीपर मनुष्योंकी तादाद कांचित मात्रभी नहीं घटीथी पंजाब निवासी आत्मानंद भजन मंडलीयोंने वो छटादार भजन सुनायेकि जैपुर निवासीयोंने आजतक कभी नहीं देखेथे गरजके रात्रीको भगवत भजन होकर प्रातःकालसेही दिक्षाके वास्ते मोहनवाडी जानेकी तैयारी होनेलगी सारे शेहरमें वो आनंदछा रहाथाकि जल्लूस निकालनेसे पहलेही हजारों नर नारीयोंके झुंडके झुंड मोहनवाडी

जाहां जिनमंदिर और वादिमुख भंजन माहात्मा वल्लभविजयजी महाराज विराजमानथे पहुचने लगे हालांकि उपरसे धूप पड रहीथी पर तिसपरभी दिक्षा उत्सव देखने वास्ते हजारों मनुष्य टीडीदलकी तरह घंटो पहलेसे जमाहोगया जल्लूस दिक्षा लेनेवालों तीनो महाषयोंहो पालखीमें बिठाकर मोहनवाडी पहुंचे वहांपर जाकर करीब तीसहजार ३०००० नरनारीयोंकी भीड जमा होगई उस समय दिक्षाका कार्य प्रारंभ होनेसे पहले पबलिकको दिक्षा लेनेवालों तीनो महाश्योंका कंचित इतिहास और दिक्षा लेनेका कारण और पिछाडीकी जादादका जिस प्रकार विभाग किया पश्चात समोसरणकी रचना युक्त भगवत देवके सनमुख शास्त्र विधि अनुसार दिक्षा दी गई और किशनलालजीका नाम तिलक विजयजी और अच्छरमलजीका नाम विद्याविजयजी और मच्छरमलजीका नाम विचार विजयजी दिक्षाका नाम दिया गया बाद नारयलोंकी परभावना दीगई उसदिनका समस्त खर्च श्रीमान सेठ धेवरचंदजीके पुत्र सेठ फूलचंदजी कोठारीकाथा बाकी सर्व सर्व श्री संघकाथा. कोटिसः धन्यवाद जैपुरके सकल श्री संघको है कि जिसने ये अपूर्व काम करके जैन धर्मकी महिमाको बढाई है कि जिनकी प्रशंसा के वास्ते वो शब्द हमारे पास नही हैं जिनके द्वारा उनकी स्तुति कीजावे तथापिजो आजतक इस प्रकारका समारोहसे उतसव पहले कभी जैपुरमेंनः होने परभीये उत्साव निर्विघ्नतासे पार उतारा है उसका अन्य समस्त नगरोंकी तर्फसे जैपुरके सकल भाइयोंको धन्यवाद दिया जाताहै और साथही प्रार्थना है कि जिस प्रकार धर्ममें दृत चित्त होकर इस समय जिनधर्मकी प्रभावना करके व्रत नियमादि गृहण करके पाठशालाका झंडा गाडा है उस उत्साहको सदैव इसी प्रकार वृद्धि

करते हुवे अपने नियमोंकी पाबंदी करके जैन झंडा भारतमें फरकावें इति. लेखक

लाo जवाहरलाल जैनी

सीकन्दराबाद, यु. प्रो. जीला बुलंद शेहेर.

## વર્તમાન સમાચાર.

### શેહેર મેસાણામાં શ્રીમન્મહોપાધ્યાયજી શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની કમીટી તથા શ્રી સંઘ તરફથી શેઠ મણિભાઇ ગોકુળભાઇને આપવામાં આવેલું માનપત્ર.

તા. ૨૮-૪-૦૯ વૈશાક શુદી ૯ ના રોજ રાવ બહાદુર દાકતર સાહેબ બાલાભાઈ મગનલાલના પ્રમુખપણા નીચે શેઠ મણિભાઈ ગોકળભાઇને ઉકત પાઠશાળા તરફથી માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો; જે વખતે શ્રી સંઘના આગેવાન ગૃહસ્થો પાઠશાળાની કમીટીના મેમ્બરો વિગેરે મળી ઘણા માણસોએ હાજરી આપી હતી.

શરૂઆતમાં ઉકત પાઠશાળાના સેક્રેટરી વેણીચંદ સુરચંદે પાઠશાળાની હકીકત, તેમજ શેઠ મણિભાઇએ કરેલ અને શુભ કૃત્યો વિષેની માહેતગારી જણાવી હતી. ત્યારબાદ ગાંધી મુળચંદ હરગોવનદાસે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું ત્યારબાદ પ્રમુખ સાહેબને તે માનપત્ર રેશમી રૂમાલમાં મૂકી શેઠ મણિભાઇને આપ્યું હતું. જેનો વળતો જવાબ શેઠ મણિભાઈએ યોગ્ય રીતે આપ્યો હતો. ત્યારબાદ ઉકત પાઠશાળાના આગલા બે ટ્રસ્ટીઓ ગુજરી જવાથી તેની જગ્યાએ શેઠ મણિભાઇ ગોકુળભાઇને નિમવાની દરખાસ્ત મૂકી વિનંતી કરવામાં આવતાં તે દરખાસ્ત પસાર થતાં ટ્રસ્ટી નિમવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રમુખનો ઉપકાર માની મેળાવડો વિસર્જન થયો હતો.